
# ગુજરાતના શહેરો કરતા ગામડાઓમાં શાળા-કોલેજોનું પ્રમાણ વધુ કેમ ?

## ગામમાં શરૂ થયેલી શાળા બંધ થતી નથી કારણ કે સરકારી શાળા હોય છે




ગાંધીનગર, તા. ૩

સામાજિક વિકાસ અને સમાજ પરિવર્તન માટે શિક્ષણ એ પાયાની બાબત છે. મહાત્મા ગાંધી પણ જ્યારે ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત આવીને એક વર્ષ સમગ્ર ભારતનું ભ્રમણ કર્યુ હતું. એ પછી ૧૯૧૭માં તેમણે સૌપ્રથમ સત્યાગ્રહ અડતાલીસ વર્ષની ઉંમરે બિહારના ચંપારણમાં શરૂ કર્યો ત્યારે ભારતની અભણ અને ચીંથરેહાલ પ્રજાના ઉત્થાન માટે ગામડે ગામડે શિક્ષણ સંસ્થાઓ શરૂ કરાવી હતી. બિહારના નાનકડા ગામથી શિક્ષણની આહલેક જગાવીને તેમણે એ પછી દેશભરના વિવિધ વિસ્તારોમાં શિક્ષણ સંસ્થાઓ શરૂ કરાવી હતી. દેશ આઝાદ થાય ત્યારે આઝાદ ભારતમાં સાચા નાગરિકો શિક્ષણ થકી પેદા કરી શકાશે એવી આશા તેમણે ગુલામી છૂટે એના ત્રીસ વર્ષ પહેલા કરી હતી. વૈશ્વિક મહામાનવ એવા મહાત્માની આ દિર્ઘદષ્ટિ થકી આઝાદી પછી આપણે સૌથી ઓછો રક્તપાત જોયો છે. આ દષ્ટિએ શિક્ષણ અત્યંત મહત્વની બાબત સમાજજીવનના સમત્વ માટે ચોક્કસ છે.

શિક્ષણ સંસ્થાઓ સંદર્ભે આપણે ગુજરાતનું ચિત્ર જોઈએ તો સૌથી વધારે શાળાઓ ગ્રામીણ ગુજરાતમાં છે. ગુજરાતની કુલ ૯૩,૦૮૭ શાળા-કોલેજો પૈકી ૭૨,૫૭૪ શિક્ષણ સંસ્થાઓ ગ્રામ કક્ષાએ અને ૨૦,૫૧૩ શહેરી વિસ્તારમાં આવેલી છે. આ આંકડાઓને જો ટકાવારીની દષ્ટિએ જોઈએ તો કુલ શાળા-કોલેજ પૈકી ૭૮ ટકા ગ્રામ્ય વિસ્તારમાં અને ૨૨ ટકા શાળા કોલેજીસ શહેરી વિસ્તારમાં આવેલી છે. આંકડાઓ ઉપરથી એમ કહી શકાય કે ગુજરાતના શહેરો કરતાં ગામડામાં કોલેજ-શાળાઓની સંખ્યા ત્રણ ગણી વધારે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતની કુલ વસ્તીનું પ્રમાણ જોઈએ તો ગ્રામીણ વસ્તીની ટકાવારી ૬૩ ટકા છે જ્યારે શહેરી વસ્તી ૩૭ ટકા છે. આ દષ્ટિ એમ દર્શાવે છે કે જો વસ્તીના પ્રમાણમાં આપણે શાળા-કોલેજોની સ્થિતિ જોઈએ તો પ્રત્યેક ગ્રામીણ વસ્તીના ૧ ટકા સામે શાળા કોલેજની સંખ્યા ૧૧૫૨ થાય અને ૧ ટકા શહેરી વસ્તી માટે ગ્રામ્ય કક્ષા કરતાં તેની સંખ્યા લગભગ અડધાથીય ઓછી એટલે કે ૫૫૪ જેટલી થાય છે.

હવે આ આંકડાઓ તો સેન્સસ સર્વેમાં શાળા અને કોલેજ બન્નેના સમાવિષ્ટ છે ત્યારે સવાલ એ થાય કે શાળાઓની સંખ્યા વધુ હોય કે કોલેજની સંખ્યા વધુ હોય તો સ્વાભાવિક છે શાળાની સંખ્યા જ વધુ હોય અને ગ્રામીણ વિસ્તારમાં એ વધુ છે જ પરંતુ જ્યારે કોલેજની વાત કરીએ તો ગામડામાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું પ્રમાણ શાળાઓની સરખામણીએ નહીવત છે.

● અનુસંધાન પાન-૭ પર



પોસ્ટર હટાવાયા : ગાંધીનગરમાં માર્કેટીંગ પરાકાષ્ટાએ ચાલે છે... ખાસ કરીને મે-જૂન મહિનામાં ક્લાસીસ અને સ્કૂલના પોસ્ટર, હૉર્ડિંગ્સ અને પત્રિકાઓ ઠેર ઠેર મનફાવે ત્યાં લગાવાય છે... વિજળીના થાંભલા હોય કે વન વિભાગની ફેન્સીંગ હોય, ઈલેક્ટ્રીક ડીપી હોય કે સેક્ટરનો નકશો હોય અને બસ સ્ટેન્ડ... કશુ જ બાકી રહેતું નથી... કોઈ નિતીનિયમની પરવા કર્યા વિના મનફાવે ત્યાં પોસ્ટરો લગાવાય છે... કોને કેટલી અગવડ પડશે, ક્યાં કેટલી ગંદકી ફેલાશે અને ક્યાં ક્યાં કાયદાનો ભંગ થાય છે... આ કશુ જ વિચાર્યા વિના લગાવાતા પોસ્ટરો-બેનરો શહેર માટે શીરદર્દ બની ગયા છે... વન વિભાગના કર્મચારીઓ ફેન્સીંગ ઉપર લગાવાયેલા પોસ્ટરો-બેનરોને ધોમધખતા તાપમાં હટાવી રહ્યા છે...

# જિલ્લામાં આજે એક સાથે ૬૨ ગામોમાં ગ્રામસભા યોજાશે

## પ્રજાના પ્રશ્નો અંગે - પ્રજા અને શાસન વચ્ચે એક સેતુ ઉભો થાય તેવો અભિયાનનો હેતુ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાનમાં આજે એક દિવસમાં એક સાથે ૬૨ ગામોમાં ગ્રામસભાઓ યોજાવાની છે.

૧લી જુનથી ૮મી જુન દરમિયાન ગ્રામસભા અભિયાનનું આયોજન કરાયું છે. આ અભિયાન માટે ૪૮ જેટલા લાયઝન અધિકારીઓ પણ નિયુકત કરવામાં આવેલા છે.

આજે એક સાથે ૬૨ ગામોમાં ગ્રામસભાઓનું આયોજન હોવાથી અધિકારીઓ હવે કઈ ગ્રામસભામાં હાજરી આપશે કે પછી સોમવારે પ્રજા સાથેની મુલાકાત માટે કચેરીમાં સમય ફાળવશે તેને લઈ ચર્ચાઓ થવા લાગી છે.

ચોમાસુ બેસી જાય તે પૂર્વે ગ્રામસભા અભિયાન સંપન્ન કરવા માટેની સરકારની સૂચનાઓને પગલે યોજાયેલ આ અભિયાનમાં પ્રજાના પ્રશ્નો અંગે અને પ્રજા અને શાસન વચ્ચે એક સેતુ ઉભો થાય તે માટે યોજવામાં આવેલ છે.

આ વેળાએ ગ્રામસભા અભિયાનમાં સમય પણ સવારે ૧૧.૩૦ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૦ જેટલી ગ્રામસભાઓ સંપન્ન થઈ ચુકી છે. આજે ૬૨ ગામોમાં ગ્રામસભા થતાં આ ટકાવારી ૫૦ ટકાને પાર કરી જશે. જિલ્લાના ૩૦૩ ગામોમાં ગ્રામસભાઓ યોજાવાની છે.

### પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે મોદી સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૩

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ મી જુને વીડીયો કોન્ફરન્સ યોજી તેમની સાથે સીધો સંવાદ કરશે. જિલ્લામાંથી આ માટે ૧૫ જેટલા લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૧૭૦૦થી વધુ આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. સવારે ૯.૩૦ વાગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ લાભાર્થીઓ સાથે વાતચીત કરનાર છે. કલેક્ટર ઓફિસમાં એન.આઈ.સી.ના કોન્ફરન્સ હોલમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને લાભાર્થીઓ આ વિડીયો કોન્ફરન્સમાં હાજર રહેશે.

# જિલ્લા પંચાયત પ્રમુખપદ માટે દાવેદારોની દોડધામ

## જિલ્લામાં રાજકારણ ગરમાયુ : આ સપ્તાહમાં નિરીક્ષકોની હાજરીમાં કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની બેઠક મળે તેવી વકી

ગાંધીનગર, તા. ૩

આ માસમાં જિલ્લા પંચાયતના નવા પ્રમુખ માટે યોજાનારી ચૂંટણીને લઈ જિલ્લા પંચાયતનું રાજકારણ ગરમાયુ છે. જોકે પ્રમુખપદ માટેના દાવેદારો વધુ છે પરંતુ આ માટે પક્ષના સભ્યોની બેઠક મળે ત્યારે ખરેખર કેટલા ઉમેદવાર મેદાનમાં રહે છે તે ચિત્ર સ્પષ્ટ થશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણીને લઈ નિરીક્ષકોની નિયુક્તી કરી દેવામાં આવી છે પરંતુ આ ઉપરાંત જિલ્લામાં એક સંકલનકર્તાની નિમણુંક પણ આ એકાદ બે દિવસમાં થઈ જશે તેમ સત્તાધારી કોંગ્રેસ પક્ષના વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતનું રોટેશન નક્કી થઈ આવી ચુક્યુ છે હવે નવા પ્રમુખની ચૂંટણી માટેની તારીખ કઈ આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ૨૧ જૂને પંચાયતના વર્તમાન પ્રમુખ રામાજી ઠાકોરની સત્તાનો અંત આવશે.

હાલ જિલ્લા પંચાયતની બેઠક મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે અને આ સપ્તાહમાં જ કોંગ્રેસના નિરીક્ષકોની હાજરીમાં પક્ષના ચૂંટાયેલા સભ્યોની બેઠક મળશે જેમાં સંભવિત ઉમેદવારો દ્વારા દાવા રજુ કરવામાં આવશે આ પછી નિરીક્ષકો સભ્યોના મન જાણી અને મેન્ડેટ આપવા માટે પ્રદેશ સમિતિને પોતાનો અહેવાલ આપશે.

જિલ્લા પંચાયતમાં હાલ તો ૬ થી વધુ દાવેદારો છે. પંચાયતમાં કોંગ્રેસ પક્ષમાં ચુંટાયેલી મહિલાઓની સંખ્યા ૧૧ જેટલી છે. આમ તો કુલ ૧૫ મહિલા સદસ્યાઓ છે. ચાર વિપક્ષમાં ચુંટાયેલી મહિલા સદસ્યા છે.

જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ હાંસલ કરવા માટે મહિલા આગેવાનોએ એડીચોટીનું જોર લગાવ્યુ છે. જો કે બાજી કોણ મારી જશે તે તો સમય જ કહી શકશે. જિલ્લાનું રાજકારણ હાલ તો મિટીંગોમાં વ્યસ્ત બન્યુ છે. કેટલાક દાવેદારોએ તો સભ્યોનો વ્યક્તીગત સંપર્ક પણ શરૂ કરી દીધો છે તો પ્રદેશ નેતાઓ સમક્ષ પોતાનો દાવો પણ ખાનગીમાં રજુ કરી દીધો હોવાની વાતો જોરશોરથી ચર્ચાઈ રહી છે.

# જિલ્લામાં આજથી મેલેરિયા અંગે ત્રીજો રાઉન્ડ : હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

ગાંધીનગર, તા. ૩

મેલેરિયા નાબુદી અભિયાનના ભાગરૂપે આ વર્ષનો અંતિમ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો આખરી રાઉન્ડ આજથી આરંભાઈ રહ્યો છે. આ અગાઉ બે રાઉન્ડ દરમ્યાન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ.

૪ થી ૯ જૂન દરમ્યાન યોજાનાર આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં જિલ્લાની ૧૨,૮૭,૯૩૬ વસ્તી તથા આશરે ૨,૫૭,૫૮૮ ઘરોને આવરી લેવામાં આવશે.

મલ્ટીપરપઝ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, આશા સાથે મળી ૧૩૦૦ થી વધુ કર્મચારીઓ આ સર્વેલન્સની કામગીરીમાં જોતરાશે. આ સર્વેલન્સમાં તાવના દર્દી શોધવા, પોરાનાશક કામગીરી, લોહીના નમુના લેવા, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવે તે અંગે સમજ આપવી, ઘરના છાપરા કે છત પર પડી રહેલ કાટમાળ દૂર કરવો જેથી મચ્છરોની ઉત્પત્તિ ના થાય તેવી કામગીરી કરવામાં આવશે.

જિલ્લામાં અગાઉ ૨-૪-૧૮થી ૭-૪-૧૮ દરમ્યાન પ્રથમ રાઉન્ડ સર્વેલન્સનો યોજાયો હતો. તો બીજો રાઉન્ડ ૩૦-૪-૧૮થી ૫-૫-૧૮ દરમ્યાન યોજાયો હતો. આ બંને રાઉન્ડમાં થઈ ૧૫ હજારથી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા. તો ૬ હજારથી વધુ તાવના દર્દીઓ મળી આવ્યા હતા. આ બન્ને રાઉન્ડમાં તાવના મળેલા દર્દી પૈકી એક દર્દીને મેલેરિયા પોઝીટીવ જણાયો હતો જે લોહીના નમૂનાના પરીક્ષણમાં જણાયુ હતુ તે ઉલ્લેખનીય છે.

આ વર્ષે રાજ્ય સરકારે મેલેરિયાને નાથવા માટે તૈયાર છીએ તે થીમ પર મેલેરિયા વિરોધી માસની ઉજવણીનો આરંભ પણ થયો છે. આ વિરોધી માસ દરમ્યાન જ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો આખરી રાઉન્ડ પણ યોજાઈ રહ્યો છે એટલે તેનુ મત્વ વધી જાય છે.

મળતી વિગતો પ્રમાણે રાજયના આરોગ્ય કમિશ્નર જયંતિ રવિએ પણ આ ત્રીજો અને મહત્વનો રાઉન્ડ સઘન બને તે માટે જિલ્લાઓને પણ તાકીદ કરી છે.


World Environment Day, 2018 Theme
"Beat Plastic Pollution"
GEMI
UNEP | WORLD ENVIRONMENT DAY
सत्यमेव जयते
Forests & Environment Department
Government of Gujarat
ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)
(ગુજરાત સરકારની સ્વાયત સંસ્થા)
દ્વારા
આયોજિત
"વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વ સંધ્યાએ"
શેરી નાટક
પનોતી પ્લાસ્ટીકની
મુખ્ય મહેમાન
જયદ્રથસિંહજી પરમાર
માનનીય મંત્રીશ્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો)
ગુજરાત સરકાર
અતિથિ વિશેષ
શ્રી પ્રવીણભાઈ પટેલ
મેયરશ્રી, ગાંધીનગર, મહાનગરપાલિકા
૪ જુન, ૨૦૧૮
સમયઃ રાત્રે ૮:૦૦ કલાકે
સ્થળઃ સ્વર્ણીમ પાર્ક,
ઉદ્યોગભવનની સામે, ગાંધીનગર
www.gemi.gujarat.gov.in
https://www.facebook.com/GEMI.INDIA/
http://www.instagram.com/gemi.india/
https://www.twitter.com/GEMI-India/
GEMIGandhinagar
We Provide Environmental Solutions




### વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે પ્લાસ્ટિક કચરો હટાવો ઝુંબેશ

ગાંધીનગર, તા.૩

પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસ હોઈ આ દિવસથી ગુજરાતમાં રાજય સરકાર દ્વારા અનોખા પ્લાસ્ટિક કચરો હટાવો અભિયાનની શરૂઆત કરવામાં આવશે. તા.૫મી જૂનથી તા.૧૧ જૂન એમ એક સપ્તાહ સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક કચરો હટાવવા, તેનું પ્રદૂષણ નાથવા અને તેના રીસાયકલીંગની જાગૃતિ સહિતના વિવિધ કાર્યક્રમો રાજયભરમાં યોજાશે. રાજય સરકારના જળ સંચય અભિયાનને રાજ્યમાં ભારે સમર્થન મળ્યા બાદ હવે રાજય સરકારે પ્લાસ્ટિક કચરો હટાવો ઝૂંબેશ શરૂ કરવાનું આયોજન હાથ ધર્યું છે. પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવાની થીમ સાથે ઠેર ઠેર જોવા મળતા પ્લાસ્ટિકના કચરાને એકઠો કરીને રિસાઈક્લિંગ સ્થળ સુધી પહોંચાડવા અભિયાન ચલાવવામાં આવશે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ અભિયાનની ગાંધીનગરથી શરૂઆત કરશે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com